# વિશ્વ ચકલી દિવસની ઊજવણી ૨૦૧૯

ઓર્નીથોલોજી વિભાગ, આઈસીએઆર યુનિટ-૯, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્રારા વિશ્વ ચકલી દિવસ નું ૧૬ માર્ચ ૨૦૧૯ના રોજ બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર, બાકરોલમાં આયોજન કરવામાં આવેલ જેમાં સ્કુલના ધોરણ ૬ થી ૯ ના ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ ભાગ લીધેલ હતો. ઉદ્‌ઘાટન પ્રસંગમાં બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિરના ડાયરેક્ટર ડૉ. અરુણભાઈ પટેલ દ્રારા શ્રી ખુશાલ સી. બાંભણીયા (સિનિયર રીસર્ચ ફેલો)નું પુષ્પ ગુચ્છ તેમજ બુક આપી સ્વાગત કરવામાં આવેલ તેમજ શ્રી અનિકેત પટેલ દ્વારા જનક ચૌધરી (પી.એચડી. સ્ટુડન્ટ) નું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ. શ્રીમતિ દીપ્તિબહેન ઉમંગભાઈ પટેલ દ્રારા ચકલી વિષેની માહિતી તેમજ લુપ્ત થતા પક્ષીઓની માહિતી આપેલ. સદર કાર્યક્રમ ડૉ. સી. કે. બોરડના માર્ગદર્શન હેઠળ ખુશાલ સી. બાંભણીયા દ્રારા વિશ્વ ચકલી દિવસ વિશેની માહિતી આપેલ, જેમાં વિશ્વ ચકલી દિવસ કયારથી ઉજવાય છે. શા માટે વિશ્વ ચકલી દિવસ ઉજવાય છે. ચકલીના ચકલી સંરક્ષણ માટેના ઉપાયો તેમજ પક્ષીઓ અંગેનો અભ્યાસ, કૃષિ ક્ષેત્રે મહત્વના પક્ષીઓ , કીટભક્ષી પક્ષીઓ , સ્થાનિક પક્ષીઓ , ભયગ્રસ્ત પક્ષીઓ , ગુજરાતમાં આવતા યાયાવર પક્ષીઓ તેમજ પક્ષીઓના સંરક્ષણ માટેના ઉપાયો વિશેની માહિતી આપેલ.

સમારોહ કાર્યક્રમના અંતે આણંદ કૃષિ યુનિવર્સિટી શ્રી ખુશાલ સી. બાંભણીયા, જનક ચૌધરી, રમેશભાઈ ચાવડા, કમલભાઈ વસાવા તેમજ બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિરના સ્ટાફ દ્રારા ચકલીના પુંઠાના માળાઓનું વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રીમતિ દીપ્તિબહેન પટેલ અને બીએપીએસ સ્વામિનારાયણ વિધ્યામંદિર અન્ય સ્ટાફ દ્રારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

**વિશ્વ ચકલી દિવસ્રી ઝાંખી**











WORLD SPARROW DAY


WORLD SPARROW DAY




BAPS Swaminarayan Vidyamandir,
Bakrol
WORLD SPARROW DAY